GUJARAT ARTS & COMMERCE COLLEGE
(EVENING)
Address: Ellisbridge, Ahmedabad – 380 006, Gujarat, India
College Code : 206
Est. 1992
(Gujarat University affiliated vide Letter No. Academic/21/22444/2005 Dated 20/10/2005 & UGC New Delhi Affiliated 2(F) and 12(B) vide Letter No. F-8-447/2005 (CPP-1) Dt. 26-12-2005)
Phone : +91 79 26447295 Website : www.gacc.org.in Email : info@gacc.org.in

ક્રમાંક:ગુવિવાકો/મકમ/2022-23/૯૫૩-૯૫૯ તારીખ: 15-07-2023

પ્રતિ,
ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ,
વાઇલ્ડ એસ સેનચ્યુરી,
બજાણા ઇકો ટુરીઝમ સાઇટ
બજાણા, કચ્છ.

વિષય: "આઝાદી કા અમૃત મહોત્સવ", ઇકો-ક્લબ અને પંચ પ્રકલ્પ અંતર્ગત પ્રકૃતિ શિક્ષણ શિબિર માટેની પરવાનગી આપવા બાબત

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક: ૨૦૨૧/૪૨૬૮-૪૩૬૮, તારીખ:૧૩-૦૯-૨૦૨૧

સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર વર્ષને "આઝાદી કા અમૃત મહોત્સવ" તરીકે ઉજવવાનું આયોજન કરેલ છે. આ ઉપરાંત અત્રેની કોલેજમાં ઇકો-ક્લબ પણ કાર્યરત છે. તેમજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ પંચ પ્રકલ્પ યોજનામાં પ્રકૃતિ શિક્ષણ પર ભાર આપ્યો છે. જે અંતર્ગત અત્રેની કોલેજના એન.સી.સી. અને એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓ "પ્રકૃતિ" અંગે જાગૃતતા અને સભાનતા કેળવે તેમજ પર્યાવરણ પરત્વે અભિમુખ બને તે માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજવા માંગીએ છીએ. આ પ્રકૃતિ શિબિરમાં અત્રેની કોલેજના 60 જેટલાં એન.સી.સી. કેડેટસ તથા એન.એસ.એસ. સ્વયંસેવકો અને 5 અધ્યાપકો સહભાગી થવા માંગે છે. કોલેજના વિદ્યાર્થીઓ આપના દ્વારા આપવામાં આવેલ તાલીમથી નીચે મુજબની સેવાઓ આપના વિભાગને આપશે.

1. અમારી સંસ્થાના વિદ્યાર્થીઓ તરફથી આપને ભવિષ્યમાં જ્યારે પણ જંગલ સફાઇ, પર્યાવરણ જાગૃત્તિના કાર્યક્રમો તથા કુદરતી આપદાના સમયમાં પૂર્ણ સહકાર આપશે.
2. ગુજરાત સરકારશ્રી દ્વારા દર વર્ષે ઉજવવામાં આવતા વન સપ્તાહ કાર્યક્રમમાં અત્રેની કોલેજનો પૂર્ણ સહયોગ આપને રહેશે.
3. આપના દ્વારા આપવામાં આવેલ તાલીમ તથા જ્ઞાનનો ઉપયોગ કરીને અમારા વિદ્યાર્થીઓ અમારી આસપાસના વિસ્તારમાં ઇજાગ્રસ્ત પશુ-પક્ષીઓને પ્રાથમિક સારવાર આપવામાં મદદરૂપ થશે.

Scanned with CamScanner

4. આ તાલીમ શિબિર દ્વારા વિદ્યાર્થીઓ પ્રકૃતિ પ્રત્યે સભાનતા કેળવશે તથા આ ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટેનું જરૂરી કૌશલ્યો પ્રાપ્ત કરવામા મદદરૂપ થશે.

અમારી અરજીને ગ્રાહ્ય રાખી આ પ્રકૃતિ શિક્ષણ શિબિરની મંજૂરી આપવા તથા આ અંગે જરૂરી વ્યવસ્થા કરવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આભાર સહ.

આચાર્યશ્રી,
ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, (સાંજની),
અમદાવાદ

નકલ રવાના જાણ સારું,

1. માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર,
2. CO, 1 GUJ BN NCC, અમદાવાદ
3. NSS વિભાગ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
4. ઇકો ક્લબ, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર.
5. ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ,વાઇલ્ડ એસ સેનચ્યુરી,બજાણા ઇકો ટુરીઝમ સાઇટ
6. રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી, પ્રવાસન રેન્જ,

Scanned with CamScanner

Azadi Ka Amrit Mahotsav


નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,

ઘુડખર અભયારણ્ય, મયુરનગર, હળવદ રોડ, ધ્રાંગધ્રા.

Email: dcf.dhg2014@gmail.com

ટેલિફોન: (૦૨૭૫૪) ૨૬૦૩૧૬ ફેક્સ નં. (૦૨૭૫૪) ૨૮૧૬૧૦


ક્રમાંક :- ક / શિબિર / ટે.૭ / ૩૨૭૧-૭૬ /૨૦૨૩-૨૪

ધ્રાંગધ્રા તા.૮ / ૧૨ / ૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ(સાંજની)

એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬

ફો.નં.૦૭૯- ૨૬૪૪૭૨૯૫

વિષય:- પ્રાકૃતિક શૈક્ષણિક શિબિરમાં મંજુરી બાબત.

સંદર્ભ:- આપના પત્રાંક ગુલિવાકો/મકમ/૨૦૨૩-૨૪/૨૦૧૮ તા.૦૭/૧૧/૨૦૨૩

આથી ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના સંદર્ભ પત્રથી આપની શાળા ના વિદ્યાર્થીઓ "ઘુડખર વન્યજીવ અભયારણ્ય" ખાતે આવેલી ટુંડી કેમ્પ સાઈટ બજાણા તા.પાટડી ખાતે પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં તા.૦૪/૦૧/૨૦૨૪ ને ગુરુવાર ના રોજની તારીખ ફાળવવામાં આવે છે.

વધુમાં, શિક્ષણ શિબિરની તારીખ તેમજ અન્ય બાબતો માટે અત્રેના શ્રી એસ. એસ. સારલા,પરિક્ષેત્ર વન અધિકારીશ્રી, બજાણા મો.નં. ૯૩૦૩૮ ૪૭૭૩૦ તથા શ્રી ડી. ડી. એફ. ગઢવી, નાયબ વન સંરક્ષકશ્રી, ઘુડખર અભયારણ્ય, ધ્રાંગધ્રા, મો.નં.૯૪૨૮૪ ૯૩૪૦૪નો સંપર્ક કરવા જાણ સારૂ..

(ડી. ડી. એફ. ગઢવી)

નાયબ વન સંરક્ષક

ઘુડખર અભયારણ્ય,

ધ્રાંગધ્રા

નકલ રવાના: પ.વ.અ.શ્રી બજાણા તરફ ઉપરોક્ત સંદર્ભ પત્રથી અત્રે આવેલ અરજી આ સાથે બિડાણમાં સામેલ રાખી આપને મોકલવામાં આવે જે અંગે યોગ્ય કાર્યવાહિ કરવા સારૂ.


Scanned with CamScanner

GUJARAT ARTS & COMMERCE COLLEGE (EVENING) AHMEDABAD


## ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદ

## રાષ્ટ્રીય સેવા યોજના(NSS), નેશનલ કેડેટ કોર્પ્સ(NCC), ઇકો ક્લબ આયોજિત ત્રિદિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનો અહેવાલ

આજના સાંપ્રત સમયમાં વિશ્વમાં ગ્લોબલ વોર્મીંગની સ્મસ્યા દિવસે દિવસે વધી રહી છે. ગ્લોબલ વોર્મીંગના કારણે વિશ્વના ઘણા દેશોમાં પ્રકૃત્તિના વિવિધ તત્વો પર તેની ઘેરી અસર જોવા મળે છે.સંયુક્ત રાષ્ટ્રસંઘની યુનિસેફ જેવી સંસ્થા સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મીંગની સ્મસ્યાના ઉકેલ માટે વૃક્ષારોપણ, ગ્રીન એનર્જી, ડિક્રીસ ટુ ડીગ્રી



સેલ્સિયસ જેવા કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. ભારતમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્ય થી લઇ ગામ સુધી G-20 અંતર્ગત પ્રકૃતિ તથા પર્યાવરણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરી ભારતની યુવાપેઢીને જાગૃત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા યુવાનોમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા કેળવાય અને પ્રકૃતિના સંરક્ષણ અંગેની ભાવના વિકેસ તે હેતુથી દર વર્ષે વન મહોત્સવ, વૃક્ષારોપણ,પ્રકૃતિ શિક્ષણ શિબિર જેવા કાર્યક્રમ આયોજીત કરવામાં આવે છે.




ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદ દ્વારા તારીખ 4 થી 6 જાન્યુઆરી 2024 દરમિયાન "ધુડખર વન્યજીવ અભયારણ્ય" ટુંડી કેમ્પ સાઇટ, બજાણા રેન્જ તથા ઈકો ટુરિઝમ સાઈટ ધુડખર

અભયારણ્ય, નરાલી ખાતે  પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના એન.સી.સી તથા એન.એસ.એસ વિભાગના 50 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.


પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ બજાણા ખાતે આવેલા વન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા ઇન્ટરપ્રિટેશન સેન્ટરની મુલાકાત લઇ  વિશ્વમાં એકમાત્ર  કચ્છના




નાના રણમાં જ જોવા મળતી ઘુડખરની પ્રજાતિના ચિત્રો, નકશાઓ,પ્રતિકૃતિઓ જોઈ તેના વિશે માહિતી મેળવી હતી. ફોરેસ્ટ ખાતાના અધિકારીઓએ નકશા દ્વારા અભયારણ્યના ભૌગોલિક વિસ્તાર તથા તેમાં જોવા મળતી વન્યજીવ સૃષ્ટિ વિશે જાણકારી મેળવી હતી.




ઇન્ટરપ્રિટેશન સેન્ટરની મુલાકાત બાદ વિદ્યાર્થીઓ રણમાં વનવિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી ટુંડી કેમ્પ સાઇટ પહોચ્યાં હતા. જ્યા અધિકારીશ્રીએ વિસ્તારથી ઘુડખર અભયારણ્યની વિશેષતાઓ જણાવી આ અભયારણ્યમાં જોવા મળતી વિવિધ



ઘુડખર સિવાયની પ્રજાતીઓ જેવી કે વરૂ, ઝરખ, ડેઝર્ટ ફોક્સ, જંગલી સુવર તથા પક્ષીઓની વિસ્તૃત સમજ આપી હતી. ઉપરાંત તેઓએ પ્રકૃતિ તથા વન્યજીવ સુષ્ટિના સંવર્ધન તથા સંરક્ષણ માટે યુવાનોની ભૂમિકા વિશે જ્ઞાનસભર માહિતી આપી હતી.


Scanned with CamScanner

બપોર બાદ વન વિભાગના અધિકારીશ્રી જગદીશભાઇના માર્ગદર્શન હેઠળ ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અફાટ રણમાં 10 કિ.મી.ના ટ્રેકિંગ દરમિયાન



વિદ્યાર્થીઓએ આનંદથી રણમાં વિહરતા ઘુડખરના સમૂહને જોવાનો લાભ મળ્યો હતો. અધિકારીશ્રીએ ઘુડખર પ્રજાતિની લાક્ષણીકતાઓ જેવી કે તેમનો ખોરાક, નર અને માંદાની ઓળખ, પ્રજનન સમય વગેરે અંગે માહિતી આપી હતી. ત્યારબાદ 3 કિ.મી ટ્રેકિંગ બાદ વિદ્યાર્થીઓ સન-સેટ પોઇન્ટ પહોચ્યા હતાં જ્યા તેઓએ આથમતા સૂરજને જોવાનો અદભુત કુદરતી નજારો નિહાળ્યો હતો તથા ફોટાગ્રાફીની મજા માણી હતી

સાંજના ભોજન બાદ વન વિભાગ દ્વારા અમારા માટે કેમ્પ ફાયરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બજાણા રેન્જના ફોરેસ્ટ અધિકારીશ્રી એસ.એસ.સારલા ઉપસ્થિત રહ્યા હતા. સારલા સાહેબે વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી દ્વારા વન્યજીવ સૃષ્ટિ તેને



બચાવવા માટેના ઉપાયો, ફોરેસ્ટ ખાતાની વિવિધ પ્રવૃત્તિઓ, તેના વિભાગોની પણ રસપ્રદ માહિતી આપી હતી સાથે સાથે સમગ્ર દિવસના નવા અનુભવ વિશેના વિદ્યાર્થીઓના પ્રતિભાવો સાંભળ્યા હતા. કોલજના ANO Officer વિનોદ મોવલિયાએ સારલા સાહેબને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું અભિવાદન કર્યુ હતું તથા ભવિષ્યમાં અમારી કોલેજની કોઈપણ પર્યાવરણ લક્ષી કાર્યક્રમ અંતર્ગત આવશ્યકતા હોય તો અમે સદાય તત્પર રહેવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ ડાન્સ,સોલો

Scanned with CamScanner

ગીત, ગરબા, દુહા-છંદ, કવિતા. અંતાક્ષરીની પ્રસ્તુતિ કરી સાંસ્કૃતિક કાર્યક્રમ સૌ માટે આનંદમય બનાવ્યો હતો જેમાં અધિકારીઓએ પણ ભાગ લીધો હતો.


બીજા દિવસે વહેલી સવારે વન વિભાગના અધિકારીશ્રી જગદીશભાઇના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ કરી પક્ષી પોઇન્ટ ઉપર વિવિધ દેશી,વિદેશી અને



યાયાવર જેવા કે ફ્લેમિંગો, ફ્રી હેરિયર, સ્ટેપી, ઇમ્પીરીયલ, શોર્ટ ટોઇડ ઇગલ, હોઉબુરા બસ્ટ્રેડ, પેલીકન, બ્લેક નેક સ્ટ્રોક્સ, ઇન્ડિયન કોરમોરન્ટ, પીનટેલ, સ્પોટબિલ વગેરે જેવા પક્ષીઓને નિહાળ્યા હતા અને અધિકારીઓ પાસેથી તેને વિશેષતાઓ જાણી હતી. આ ટ્રેકિંગ દરમિયાન શ્રી જગદીશભાઇએ વિદ્યાર્થીઓને ડેઝર્ટ ફોક્સ તથા હાયના જેવી પ્રજાતીના રહેઠાણ બતાવી રણમાં આવી પ્રજાતી કેટલી ઉપયોગી છે તેની વિસ્તૃત સમજ આપી હતી. ટ્રેકિંગ તથા નાસ્તા બાદ અમે બજાણા થી નરાલી ખાતે આવેલી ઈકો ટુરીઝમ સાઈટની મુલાકાતે જવા રવાના થયા હતા.


નરાલી ઈકો ટુરીઝમ સાઈટ પહોચ્યાં બાદ ભોજન લઇ સૌએ આરામ કર્યો હતો. સાંજના અમે નરાલી ગામની મુલાકાત લઇ લોકો પાસેથી તેમના વ્યવસાય, રીતી-રીવાજો, પરંપરાઓ, તહેવારોની રસપ્રદ માહિતી મેળવી હતી. સાંજે વિદ્યાર્થીઓ પુનઃ કેમ્પ ફાયરનું આયોજન કર્યું હતું. જેમાં ડાન્સ,સોલો ડાન્સ, મીમીક્રી, ગીત જેવી કૃતિની રજૂઆતથી કાર્યક્રમને મનોરંજનથી ભરપૂર બનાવી દિધો હતો. કેમ્પ ફાયર બાદ વિદ્યાર્થીઓ ગરબાના તાલે મુક્ત મને ઝુમ્યા હતા. તા.06/01/2024ની વહેલી સવારે અમે નરાલી ખાતે પક્ષી પોઇન્ટની મુલાકાત લીધી હતી. અહી અમને વનવિભાગના અધિકારીશ્રી હેરમાભાઇએ આ વિસ્તાર ટુંકમાં માહિતી આપી આ વિસ્તારમાં આવતા વિદેશી તથા યાયાવર પક્ષીઓ વિશે રસપ્રદ માહિતી આપી હતી. આ પોઇન્ટ પર

વિદ્યાર્થીઓએ દુરબીનના માધ્યમથી કિલ્લોલ કરતા પક્ષીઓ નિહાળ્યા હતા સાથે સાથે



આ વિસ્તારમાં મુક્ત રીતે ફરતો એક કાળિયાર (બ્લેક બર્ક) નિહાળી વિદ્યાર્થીઓ રોમાંચિત થઇ ગયા હતા. પક્ષી પોઇન્ટની મુલાકાત બાદ અમે આ વિસ્તારમાં મીઠુ પકવતા અગરિયાઓની મુલાકાત લીધી હતી. અહીં અમે મીઠુ પકવવાના પાળાઓ જોઇ અગરિયાઓ પાસેથી મીઠુ બનાવવાની પદ્ધતિ, આ વ્યવસાયમાં રોજગારી, મીઠાના દરો, અગરિયાઓની સ્મસ્યાઓ વિશે માહિતી મેળવી હતી. આ મુલાકાત બાદ અમે પ્રકૃતિ શિબિરના મીઠા સંસ્મરણો લઇ નીજ સ્થળે પરત આવવા રવાના થયા હતાં.

આ પ્રકૃતિ શિક્ષણ શિબિર વિદ્યાર્થીઓ માટે જીવનમાં ન ભૂલી શકાય તેવા અવિસ્મણીય અનુભવ સાથેની રહી હતી. આ શિબીરની મંજૂરી આપવા માટે કોલેજના



આચાર્યશ્રીનો તથા આ શિબિરને સફળ બનાવવામાં જેનો સહયોગ મળ્યો છે તેવા ડો.ઉષાબેન ગઢવી ડો.નિરાલી શાહ તથા અન્ય અધ્યાપકોનો એન.સી.સી, એન.એસ.એસ તથા ઇકો ક્લબ વિભાગ આભાર માને છે. આભાર સહ

Scanned with CamScanner

એન.એસ.એસ કો-ઓર્ડિનેટરશ્રી,

એન.સી.સી. ANO Officer

ઇકો ક્લબ કો-ઓર્ડિનેટરશ્રી, -

આચાર્ય

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)

PRINCIPAL

Gujarat Arts & Commerce College (Evening)

Ahmedabad-380006.

GUJARAT ARTS & COMMERCE COLLEGE (EVENING) * AHMEDABAD *

Scanned with CamScanner

I am Tomar Anjali Dalsingh from gujarat arts and commerces collage sem-4. I would like to share some of the best and proud memories of recent trip little runn of kutch organised by gujarat arts and commerces coll-age

The proud moment for us was to see the precious wild life and foreign tourists. And we were even more proud that you gave us the opportunity to see all this like :- Tent stay there, camp fire at night, Sun-rise in the morning, Evening's sunset Every-thing was the Best.

The officer's there made very excellent managment for us like food arrangment and also gave us a lot of information about natur and wildlife of the place which Increased the respect and awareness for the tourism of guj-arat and India

This trip was memorable and very wonderful for us.

Thank you very much for giving us this golden opportunity.

Anjali

Scanned with CamScanner